


## સંવત-૨૦૮૩નું રાશિ ભવિષ્ય

# “હારી ગયાનું એટલે તો દુઃખ નથી મને, જીતી ગયા જે દાવ, એ કોઈ પારકા નથી.”

**નવું વર્ષ એકંદરે કઠિન અને સંઘર્ષપૂર્ણ બની રહે. વર્ષના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં ગ્રહયોગોમાં નોંધપાત્ર ફેરફાર થાય, જેના કારણે કામકાજમાં વિલંબ, માનસિક ચિંતા અને જવાબદારીઓમાં વધારો થઈ શકે, તો બીજી તરફ વર્ષના ઉત્તરાર્ધમાં ધંધા-નોકરી, આર્થિક ક્ષેત્રમાં આગળ વધવાની તકો પણ મળે. ખાસ કરીને શનિની પનોતી આ વર્ષે સંઘર્ષ અને પ્રતિકૂળતાઓ ઊભાં કરે.**

### માનસિક સ્થિતિ : ધીરજની જરૂર પડશે

આ વર્ષે મન ઉપર શનિની પનોતીની અસર અનુભવાઈ શકે. કોઈ બાબતનો વધુ પડતો વિચાર કરવાની વૃત્તિ, ભવિષ્ય અંગે ચિંતા અથવા કામના ભારને કારણે માનસિક થાક અનુભવાય. ખાસ કરીને વર્ષના ૨૭મી જૂન સુધી શનિની પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે હોવાથી તેમજ ૨૭મી જૂન પછી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે શરૂ થશે. એટલે કે **આખા વર્ષ દરમિયાન જવાબદારીઓનું દબાણ વધુ અનુભવાઈ શકે. જો કે ધીરજ રાખીને પરિસ્થિતિનો સામનો કરવામાં આવે તો વર્ષ આગળ વધતાં આત્મવિશ્વાસમાં વધારો થશે.** યોગ, ધ્યાન, પ્રાણાયામ અને નિયમિત જીવનશૈલી લાભદાયી રહે.

### આરોગ્ય : નાની તકલીફની પણ અવગણના ન કરવી

આરોગ્યની બાબતમાં વર્ષ દરમિયાન બેદરકારી રાખવી નહીં. જૂની બીમારી કે તકલીફ હોય તો સમયસર સારવાર લેવી. પેટ અને પાચનતંત્ર, સાંધા, પગ, થાક તથા ઊંઘ સંબંધિત બાબતોમાં વિશેષ કાળજી રાખવી. વર્ષમાં આરંભથી ૨૭મી જૂન સુધીના સમયગાળામાં નેત્રપીડા ઊભી થઈ શકે. આંખમાં તકલીફ થઈ તો ડોક્ટરને કન્સલ્ટ કરવા. ખાસ કરીને ૨ જૂન પછી શનિની પનોતીનો બીજો તબક્કો શરૂ થતાં આરોગ્યની નાની તકલીફની પણ અવગણના ન કરવી. નિયમિત તપાસ, યોગ્ય આહાર, પૂરતી ઊંઘ અને વ્યાયામ ઉપયોગી રહે.

### આર્થિક સ્થિતિ : જૂની લેણી રકમ પાછી મળવાના સંજોગો

તા ૨૭મી જૂન સુધી આવકની સાથે ખર્ચ પણ વધવાની શક્યતા છે. ઘર, વાહન, આરોગ્ય, પરિવાર કે પ્રવાસને કારણે અણધાર્યા ખર્ચ ઊભા થઈ શકે. **ખોટા ખર્ચ ટાળવા, બિનજરૂરી અનિષ્ટ ખર્ચ થઈ શકે.** પનોતીને ધ્યાનમાં રાખીને અનાવશ્યક દેવું, મોટી ગેરંટી કે બીજાના કહેવાથી મોટું રોકાણ ટાળવું. બચત માટે નિયમિત આયોજન કરવું. **અટવાયેલાં નાણાં અથવા જૂની લેણી રકમ પાછી મળવાના સંજોગો પણ વર્ષ દરમિયાન ઊભા થઈ શકે.**

### ધંધાકીય : મહેનત સાથે નવી તકો

વેપાર-ધંધો કરનારાઓ માટે વર્ષ મહેનત માગનારું છતાં નવી તકો આપનારું રહે. નવા ગ્રાહકો, નવાં સંપર્કો અથવા દૂરનાં સ્થળો સાથે વ્યાવસાયિક સંબંધો ઊભા થઈ શકે.ભાગીદારીમાં કામ કરતાં જાતકોએ હિસાબ-કિતાબ અને લેખિત કરાર અંગે વિશેષ કાળજી રાખવી. નવા વ્યવસાય અથવા મોટા વિસ્તારણમાં ઉતાવળ ન કરવી. જૂના સંપર્કોથી લાભ મળી શકે. **મહેનતનું પરિણામ મોડું મળે તો નિરાશ થવાને બદલે લાંબા ગાળાની યોજના ઉપર ધ્યાન આપવું.**

### નોકરી/ધંધાકીય : જવાબદારીમાં વધારો

નોકરિયાત જાતકો માટે જવાબદારીમાં વધારો થવાની શક્યતા છે. અધિકારીઓ તરફથી કામનું દબાણ વધી શકે છે, પરંતુ કામગીરી સારી રાખશો તો તેની નોંધ પણ લેવાશે. **પ્રમોશન, બદલી અથવા નવી જવાબદારીના યોગ બની શકે.** નવી નોકરી શોધતાં જાતકોએ હાલની નોકરી છોડતાં પહેલાં નવી તક નિશ્ચિત કરી લેવી. અન્ય શહેર, વિદેશી કંપની અથવા મોટી સંસ્થા સાથે કામ કરવાની તક પણ કેટલાંક જાતકોને મળી શકે.




### કુટુંબ અને પ્રેમસંબંધો : મતભેદને અહમનો પ્રશ્ન ન બનાવવો

પરિવારમાં વડીલોની તબિયત અથવા તેમની જવાબદારીને કારણે ચિંતા રહેવાની શક્યતા છે. પતિ-પત્ની વચ્ચે નાની બાબતમાં મતભેદ થાય તો તેને અહમનો પ્રશ્ન ન બનાવવો. સંતાનના અભ્યાસ, કારકિર્દી કે લગ્નને લઈને મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાઈ શકે છે. શરૂઆતમાં સંતાન અંગે ચિંતા રહે, પરંતુ પાછળથી પરિસ્થિતિમાં સુધારો થઈ શકે. **પ્રેમસંબંધમાં રહેલાં જાતકોએ શંકા અને ગેરસમજથી બચવું. એકબીજા સાથે ખુલ્લી વાતચીત સંબંધને વધુ મજબૂત બનાવશે.** કેટલાંક જાતકોના પ્રેમસંબંધ લગ્નમાં પરિણમી શકે.

### શિક્ષણ : મહેનતના પ્રમાણમાં પરિણામ મળશે

વિદ્યાર્થીઓ માટે વર્ષ મહેનતના પ્રમાણમાં પરિણામ આપનારું રહે. શરૂઆતમાં એકાગ્રતાનો અભાવ અનુભવાઈ શકે, પરંતુ નિયમિત અભ્યાસથી સફળતા મેળવી શકાય. સ્પર્ધાત્મક પરીક્ષા, ઉચ્ચ શિક્ષણ, ટેકનિકલ અભ્યાસ કે વિદેશ અભ્યાસ માટે પ્રયત્ન કરતા વિદ્યાર્થીઓએ સતત મહેનત કરવી. **છેલ્લી ઘડીએ તૈયારી કરવાને બદલે આયોજનબદ્ધ અભ્યાસ વધુ લાભદાયી રહે.**

### કોર્ટ-કચેરીના મામલા : વિલંબ થવાની શક્યતા

કોર્ટ-કચેરીના પ્રશ્નોમાં વિલંબ થવાની શક્યતા હોવાથી ધીરજ રાખવી. **દસ્તાવેજો અને પુરાવાની બાબતમાં વિશેષ સાવચેતી રાખવી.** જૂના વિવાદમાં યોગ્ય શરતો ઉપર સમાધાનની તક મળે તો વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરી શકાય. સરકારી કચેરી, ટેક્સ, લાયસન્સ, મિલકત કે અન્ય મંજૂરી સંબંધિત કામમાં દસ્તાવેજોની નાની ખામી પણ વિલંબ કરાવી શકે છે. તેથી તમામ કાગળો ચકાસીને જ રજૂ કરવા.

### સરકારી કામકાજ : કાગળોની ચકાસણી કરીને આગળ વધવું...

સરકારી કચેરી, ટેક્સ, લાયસન્સ, મિલકત કે અન્ય મંજૂરી સંબંધિત કામમાં સાવચેતી રાખવી. દસ્તાવેજોની નાની ખામી પણ કામમાં વિલંબ કરાવી શકે. કોઈ પણ સરકારી પ્રક્રિયામાં ઉતાવળ ન કરવી અને તમામ જરૂરી કાગળો તથા પુરાવા ચકાસીને જ રજૂ કરવા. **જૂના સરકારી કામકાજમાં પણ ધીરજ રાખવાથી ધીમે-ધીમે પ્રગતિ થઈ શકે.**

### પ્રવાસ : નાના-મોટા પ્રવાસના યોગ

વર્ષ દરમિયાન નાના-મોટા પ્રવાસ થતાં રહે. વ્યવસાય કે નોકરીના કારણે બીજા શહેરમાં જવું પડી શકે છે. ધાર્મિક અને પારિવારિક પ્રવાસના યોગ પણ બની શકે. **કેટલાંક જાતકો માટે વિદેશ પ્રવાસ અથવા દૂરના સ્થળ સાથે જોડાયેલી તક ઊભી થઈ શકે છે.** પ્રવાસ દરમિયાન દવા, સામાન અને જરૂરી દસ્તાવેજોની વિશેષ કાળજી રાખવી.

### સ્ટોક માર્કેટ : ઉતાવળે નિર્ણય ન કરવો

શેરબજારમાં રોકાણ કરનાર મેષ રાશિનાં જાતકો માટે આ વર્ષ સાવચેતીપૂર્વક આગળ વધવાનું છે. રાહુ અચાનક મોટો નફો મેળવવાની લાલચ જગાડી શકે છે, જેને કારણે પાછળથી પસ્તાવાનો વારો આવે. જ્યારે શનિ ખોટી ગણતરી અથવા ઉતાવળના નિર્ણયોથી નાણાંકીય નુકસાન કરાવી શકે. લાંબા ગાળાના મજબૂત અને ગુણવત્તાસભર શેરમાં રોકાણને પ્રાધાન્ય આપવું. **ડેરિવેટિવ્ઝ, ઓપ્શન, વધુ પડતું લેવરેજ અથવા અફવાના આધારે ખરીદીમાં સાવચેતી રાખવી.** સારો નફો મળે ત્યારે તબક્કાવાર પ્રોફિટ બુકિંગ કરવું લાભદાયી બની શકે.

(શીર્ષક પંક્તિ : ‘બેફામ’)

### મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર:** ગુરુ વર્ષની શરૂઆતથી તા.૨૪/૦૧/૨૦૨૭ સુધી કર્કમાં, ત્યારબાદ તા.૨૫/૦૬/૨૦૨૭ સુધીમાં સિંહમાં અને ત્યારબાદ વર્ષ ના અંત સુધી કન્યા રાશિમાં ભ્રમણ કરશે. તા. ૨૪ જાન્યુઆરી સુધી કર્ક રાશિમાં રહેતો ગુરુ ઐશ્વર્ય પ્રાપ્ત કરાવે. ત્યારબાદ **૨૫ મી જૂન સુધી સિંહ રાશિમાં ભ્રમણ કરતો ગુરુ લાભ, ભાગ્યોદય અને સામાજિક પ્રતિષ્ઠા આપી જાય.** ત્યારબાદ વર્ષના અંત સુધી કન્યા રાશિમાં ભ્રમણ કરતો ગુરુ પણ ભાગ્યોદય આપે. વિપરીત રાજયોગ જેવું ફળ આપશે. આમ વર્ષ દરમિયાન ગુરુનું પરિભ્રમણ શુભ - લાભદાયી બની રહે.

● **શનિની અસર: વર્ષના આરંભથી ૨ જૂન સુધી શનિની પનોતીનો પ્રથમ તબક્કો લોખંડના પાયે ચાલુ રહેશે.** આ સમય દરમિયાન ખર્ચમાં વધારો, માનસિક ચિંતા, કામકાજમાં વિલંબ, ઊંઘમાં અનિયમિતતા, બિનજરૂરી દોડધામ અને પ્રવાસના પ્રસંગો વધી શકે. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી અને ઉતાવળમાં મોટો નિર્ણય ન લેવો હિતાવહ રહે. ૨ જૂનથી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે શરૂ થશે. લગભગ વર્ષાન્ત સુધી રહેતા આ તબક્કા દરમિયાન આરોગ્ય, માનસિક સ્થિતિ, આર્થિક વ્યવહાર અને પારિવારિક બાબતોમાં વિશેષ સાવચેતી રાખવી પડશે. જવાબદારીઓ વધી શકે છે અને મહેનતનું ફળ મળવામાં વિલંબ થઈ શકે. જો કે શનિને માત્ર મુશ્કેલી આપનાર ગ્રહ તરીકે જોવો યોગ્ય નથી. શનિ શિસ્ત, ધીરજ, જવાબદારી અને વાસ્તવિકતાનો પાઠ શીખવે છે. તેથી **પનોતીના બીજા તબક્કામાં નિયમિત મહેનત, સંયમ અને આયોજનપૂર્વક આગળ વધનાર જાતકો લાંબા ગાળે પોતાની સ્થિતિ મજબૂત કરી શકે.**

● **રાહુની અસર:** રાહુ-કેતુનો પ્રભાવ મિત્રવર્તુળ, આવક, સંતાન, શિક્ષણ અને સામાજિક સંબંધોમાં અચાનક ફેરફાર લાવી શકે. વર્ષ દરમિયાન મોટા ભાગનો સમય એટલે કે ૧૨/૧૨/૨૦૨૬ થી વર્ષના અંત સુધી રાહુ મકરમાં એટલે કે આપની રાશિથી દશમાં ભાવમાં ભ્રમણ કરશે. દશમાં ભાવમાં રાહુ ધંધા, વ્યવસાય, નોકરીમા પ્રગતિમાં રુકાવટ કરે છે. વધુ પડતા શોખીન બનાવે અને વિજાતીય પાત્રો પ્રત્યે આકર્ષણ ઊભુ થવાના સંજોગો બને. **વિવેકનું ભાન રાખવું. જો કે સારી આર્થિક સ્થિતિ પણ પ્રાપ્ત થાય.**